દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

શનિવાર ૧૪ નવેમ્બર, ૨૦૨૬

ઓક્ટોબરના ફુગાવાના આંકડા ચેતવણી સમાન છે, સરકાર પગલાં લેશે તો જ ફુગાવો કાબૂમાં આવશે

દેશના અર્થતંત્ર માટે ચિંતાજનક સમાચાર એ છે કે ઓક્ટોબર મહિનામાં છૂટક ફુગાવાનો દર ફરી એકવાર ભારતીય રિઝર્વ બેંકની નિર્ધારિત સહનશીલ મર્યાદા એટલે કે ૬ ટકાની સપાટી વટાવી ગયો છે. આ આંકડા માત્ર આર્થિક વિશ્લેષકો પૂરતા મર્યાદિત નથી, પરંતુ તેની સીધી અસર દેશના કરોડો સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારોના રસોડા અને માસિક બજેટ પર પડી રહી છે. ભારતીય રિઝર્વ બેંકને કેન્દ્ર સરકાર દ્વારા ફુગાવાને ૪ ટકા (વત્તા-ઓછા ૨ ટકાની છૂટ સાથે, એટલે કે ૨ ટકાથી ૬ ટકાની વચ્ચે) જાળવી રાખવાની જવાબદારી સોંપવામાં આવી છે. જ્યારે ફુગાવો ૬ ટકાની ઉપલી મર્યાદાને પાર કરે છે, ત્યારે તે અર્થતંત્રમાં અસંતુલન અને સામાન્ય નાગરિકોની ખરીદશક્તિમાં ઘટાડાનો સ્પષ્ટ સંકેત આપે છે.

આ પરિસ્થિતિ પાછળના મુખ્ય કારણો પર નજર કરીએ તો, ખાદ્ય પદાર્થોના ભાવમાં થયેલો અસામાન્ય વધારો સૌથી વધુ જવાબદાર જણાય છે. ભારતના કન્ઝ્યુમર પ્રાઇસ ઇન્ડેક્સમાં ખાદ્ય ફુગાવાનો હિસ્સો લગભગ ૪૦ ટકા જેટલો છે. ઓક્ટોબર મહિનામાં શાકભાજી, ખાસ કરીને ટામેટાં, ડુંગળી અને બટાકાના ભાવ આસમાને પહોંચ્યા હતા. આ ઉપરાંત, કઠોળ, ખાદ્ય તેલ અને અનાજના ભાવમાં પણ સતત તેજી જોવા મળી છે. આર્થિક નિષ્ણાતો અને બજારના વિશ્લેષકોના મતે, કમોસમી વરસાદ, હવામાનની અનિશ્ચિતતા અને પુરવઠા શૃંખલામાં આવેલા અવરોધોએ કૃષિ ઉત્પાદન અને તેના પરિવહન પર વિપરીત અસર કરી છે, જેના પરિણામે બજારમાં આવક ઘટતાં ભાવમાં ભડકો થયો છે.

બીજી તરફ, સરકારી અને નીતિગત દ્રષ્ટિકોણથી જોવામાં આવે તો, તહેવારોની મોસમને કારણે બજારમાં માંગમાં થયેલો વધારો પણ ભાવવધારા માટેનું એક પરિબળ ગણવામાં આવે છે. નીતિ નિર્ધારકોનું માનવું છે કે આ ભાવવધારો મુખ્યત્વે પુરવઠા આધારિત અને મોસમી છે, જે શિયાળુ પાકની નવી આવક બજારમાં શરૂ થતાં જ નિયંત્રણમાં આવી જશે. સરકાર દ્વારા બફર સ્ટોકમાંથી અનાજ અને કઠોળની મુક્તિ, નિકાસ પરના નિયંત્રણો અને આયાત જકાતમાં ઘટાડો જેવા પગલાં લેવામાં આવ્યા હોવાના દાવા કરવામાં આવે છે, જેથી બજારમાં પુરવઠો જળવાઈ રહે.

પરંતુ, આ તમામ પ્રયાસો છતાં વાસ્તવિકતા એ છે કે સામાન્ય માણસ માટે જીવનનિર્વાહનો ખર્ચ સતત વધી રહ્યો છે. જ્યારે ખાદ્ય પદાર્થો મોંઘા થાય છે, ત્યારે તેની સૌથી વધુ માર ગરીબ અને નિમ્ન-મધ્યમ વર્ગ પર પડે છે, કારણ કે તેમની આવકનો મોટો હિસ્સો ભોજન પાછળ ખર્ચાય છે. જો ખાદ્ય ફુગાવો લાંબા સમય સુધી ઊંચો રહે, તો તેની અસર અર્થતંત્રના અન્ય ક્ષેત્રોમાં પણ પ્રસરવાની ભીતિ રહે છે, જેને આર્થિક ભાષામાં 'સ્પિલઓવર ઇફેક્ટ' કહેવામાં આવે છે. વધતી જતી મોંઘવારીને કારણે શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં બિન-જરૂરી ચીજવસ્તુઓની માંગમાં ઘટાડો થઈ શકે છે, જે ઔદ્યોગિક ઉત્પાદન અને આર્થિક વિકાસ દરની ગતિને ધીમી પાડી શકે છે.

આ પરિસ્થિતિએ ભારતીય રિઝર્વ બેંકની મોનેટરી પોલિસી કમિટી સમક્ષ એક મોટી દ્વિધા ઊભી કરી છે. એક તરફ, ઉદ્યોગ જગત અને વિકાસના સમર્થકો આર્થિક વૃદ્ધિને વેગ આપવા માટે વ્યાજ દરોમાં (રેપો રેટ) ઘટાડો કરવાની માંગ કરી રહ્યા છે. તેમનું માનવું છે કે ઊંચા વ્યાજ દરોને કારણે લોન મોંઘી થઈ છે, જેનાથી ખાનગી રોકાણ અને વપરાશ પર અસર પડી રહી છે. બીજી તરફ, આરબીઆઈનો મુખ્ય ઉદ્દેશ્ય ફુગાવાને નિયંત્રણમાં રાખવાનો છે. જો ફુગાવો ૬ ટકાની મર્યાદાની બહાર હોય, તો કેન્દ્રીય બેંક માટે વ્યાજ દરોમાં ઘટાડો કરવો લગભગ અશક્ય બની જાય છે. વ્યાજ દરો યથાવત રાખવા અથવા તેમાં વધારો કરવાનો નિર્ણય હોમ લોન, કાર લોન અને બિઝનેસ લોન લેનારાઓ પર વધુ બોજ નાખશે.

વૈશ્વિક પરિબળો પણ આ સમસ્યાને વધુ જટિલ બનાવી રહ્યા છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ભૂ-રાજકીય તણાવ, ક્રૂડ ઓઇલના ભાવમાં થતી વધઘટ અને વિકસિત દેશોની કેન્દ્રીય બેંકોની નાણાકીય નીતિઓ ભારતીય રૂપિયા અને આયાત ખર્ચ પર દબાણ લાવી રહી છે. ખાદ્ય તેલ અને ખાતર જેવી આવશ્યક ચીજવસ્તુઓ માટે ભારત હજુ પણ આયાત પર નિર્ભર છે, તેથી વૈશ્વિક બજારમાં ભાવ વધે ત્યારે તેની સીધી અસર ઘરેલુ ફુગાવા પર જોવા મળે છે.

આ સંકટમાંથી બહાર આવવા માટે માત્ર નાણાકીય નીતિઓ એટલે કે વ્યાજ દરોમાં ફેરફાર પૂરતા નથી. નાણાકીય નીતિ માંગને નિયંત્રિત કરી શકે છે, પરંતુ તે શાકભાજી કે કઠોળનું ઉત્પાદન વધારી શકતી નથી. આ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારોએ સંકલિત રીતે પુરવઠા શૃંખલાને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. કોલ્ડ સ્ટોરેજની સુવિધાઓનો વિસ્તાર, કૃષિ બજારોમાં સુધારા, સંગ્રહખોરી અને કાળાબજાર સામે કડક કાર્યવાહી અને હવામાનની આગાહી મુજબ પાકની પેટર્નમાં ફેરફાર જેવા લાંબા ગાળાના માળખાકીય સુધારા અનિવાર્ય છે. આ ઉપરાંત, આંકડાકીય પદ્ધતિઓમાં પણ સમય અનુસાર સુધારાની ચર્ચા ચાલી રહી છે, જેથી બદલાતી જીવનશૈલી મુજબ ફુગાવાનું વધુ સચોટ માપન થઈ શકે.

ઓક્ટોબરના ફુગાવાના આંકડા એ એક ચેતવણી સમાન છે. આર્થિક વિકાસના મોટા લક્ષ્યો હાંસલ કરવાની દોડમાં સામાન્ય નાગરિકની થાળી મોંઘી ન બને તે જોવાની જવાબદારી સરકાર અને રિઝર્વ બેંક બંનેની છે. ફુગાવા પર અંકુશ મેળવવો એ માત્ર આર્થિક સ્થિરતા માટે જ નહીં, પરંતુ સામાજિક સુખાકારી માટે પણ અત્યંત જરૂરી છે. આગામી મહિનાઓમાં સરકારની રાજકોષીય નીતિ અને આરબીઆઈની નાણાકીય નીતિ વચ્ચે કેવું સંતુલન જળવાય છે, તેના પર દેશના અર્થતંત્રની ભાવિ દિશા નિર્ભર રહેશે.

'બિલોન્ગિંગ': સોનિયાએ કરી બતાવ્યું જે ઈન્દિરા અને જયલલિતા ન કરી શક્યાં

૧૦ નવેમ્બર, ૨૦૨૬ના રોજ કોંગ્રેસ નેતા અને ગાંધી પરિવારના મોભી શ્રીમતી સોનિયા ગાંધીની આત્મકથાનું વિમોચન દરેક દૃષ્ટિએ એક ઐતિહાસિક પ્રસંગ હતો. પ્રકાશક બદલવાના અંતિમ તબક્કાના વિવાદ બાદ આ પુસ્તક પ્રત્યેની ઉત્સુકતા અનેકગણી વધી ગઈ હતી. 'બિલોન્ગિંગઃ અ જર્ની ઓફ લવ', જેવું કે શીર્ષક દર્શાવે છે અને લેખિકાએ વિમોચન પૂર્વે જણાવ્યું હતું, તે તેમના પ્રેમલગ્ન અને પતિ શ્રી રાજીવ ગાંધી સાથેના અંગત જીવનની ઘટનાઓ પર કેન્દ્રિત છે. સોનિયા ગાંધી એક એવી વ્યક્તિ છે, જેઓ એક પ્રતિષ્ઠિત રાજકીય પરિવાર – નહેરુ-ગાંધી પરિવારના વંશજ સાથે લગ્ન કરવા છતાં નસીબના જોગે રાજકીય ગતિવિધિઓના કેન્દ્રમાં આવી ગયાં. ચોક્કસપણે સ્વેચ્છાએ નહીં, જેમ કે તેમણે પોતે અનેક પ્રસંગોએ સંકેત આપ્યો છે.

જો કે, પંડિત જવાહરલાલ નહેરુ, ઈન્દિરા ગાંધી અને તેમના પતિ રાજીવ ગાંધી એમ ત્રણ વડાપ્રધાનો આપનાર રાજકીય પરિવારનો હિસ્સો હોવાને કારણે તેઓ ઉચ્ચ સ્તરે બનતી રાજકીય ઘટનાઓની વચ્ચે રહ્યાં હતાં અથવા તેના સાક્ષી બન્યાં હતાં. આવા સંજોગોમાં, આત્મકથાના લેખક પાસે રાજકીય મુદ્દાઓને સંપૂર્ણપણે ટાળવાની અપેક્ષા રાખવી ભોળપણ ગણાશે. કોઈએ તેમની પાસે ખાસ કરીને પરિવાર અને રાજકીય જીવન વિશે અત્યંત વિસ્ફોટક વિવરણની અપેક્ષા રાખી ન હતી. આવું કરવું તેમની શૈલી અને વિચારસરણીની વિરુદ્ધ હોત. તેમ છતાં, તેમણે સૌથી વિવાદાસ્પદ મુદ્દાઓને પણ અસ્પૃશ્ય રાખ્યા નથી, જોકે તેમનું વર્ણન અને શબ્દોની પસંદગી ઘણા લોકોને નારાજ કરી હશે. ખાસ કરીને કોંગ્રેસના જૂના જોગીઓ અને શક્તિશાળી વિપક્ષ છાવણીના કેટલાક લોકો, જેઓ તેમને ઘેરી લે તેવા મોટા વિવાદની આશા રાખીને બેઠા હતા, તેમની આશાઓ પર પાણી ફરી વળ્યું છે.

પુસ્તક વિમોચનનો દિવસ નજીક આવતાં અને ત્યારબાદ 'ઈન્સ્ટન્ટ-કોફી'નો યુગ પૂરજોશમાં જોવા મળ્યો. પુસ્તક દિલ્હીના હાઈ-પ્રોફાઈલ ખાન માર્કેટ અને કનોટ પ્લેસ વિસ્તારના બુક સ્ટોલ્સ પર આવ્યાના કલાકોમાં જ ૫૪૪ પાનાના આ પુસ્તક પર આધારિત અવલોકનો, ટિપ્પણીઓ અને સમીક્ષાઓ બહાર આવવા લાગી. છેલ્લા પાંચ દાયકાથી ઉચ્ચ સ્તરે બનતી રાજકીય ઘટનાઓથી વાકેફ લેખિકાના આ પુસ્તકથી સમગ્ર ભારતમાં નોંધપાત્ર રાજકીય ચર્ચા જાગી છે. 'ધ ગાર્ડિયન' અને બીબીસીના અહેવાલો સૂચવે છે કે આ પુસ્તકે વિવાદાસ્પદ ઐતિહાસિક પ્રકરણો ફરીથી ખોલ્યા છે, ભૂતપૂર્વ સાથી પક્ષો સાથેના સંબંધોમાં તણાવ પેદા કર્યો છે અને કોંગ્રેસ તથા શાસક ભારતીય જનતા પાર્ટી વચ્ચે નવેસરથી ઘર્ષણ શરૂ કર્યું છે.

પુસ્તકમાં રસ જગાવવામાં બે પરિબળોએ નોંધપાત્ર યોગદાન આપ્યું છે. પ્રથમ, પેંગ્વિન રેન્ડમ હાઉસ (PRH)એ અંતિમ ક્ષણે પીછેહઠ કરી (દેખીતી રીતે શાસક પક્ષના દબાણ હેઠળ), જેનાથી પુસ્તક અત્યંત વિવાદાસ્પદ હોવાની છાપ ઊભી થઈ. પુસ્તકની વિશાળ માર્કેટિંગ ક્ષમતાને અવગણીને તેમણે આવું કર્યું. ત્યારબાદ હાર્પર કોલિન્સ મેદાનમાં આવ્યું. શ્રીમતી ગાંધીએ હસ્તપ્રતમાં "ફેરફારો અને કાપકૂપ" કરવાની પ્રકાશકની માંગ નકારી કાઢ્યા બાદ PRH ખસી ગયું હતું. બીજું યોગદાન શાસક ભાજપ છાવણી તરફથી આપવામાં આવ્યું. ભગવા પક્ષે પુસ્તક સંપૂર્ણ વાંચ્યા વિના જ ૧૯૮૪નાં રમખાણો અને તેના પરિણામો જેવા મુદ્દાઓ પર તેમને ઘેરવાનો પ્રયાસ કર્યો.

સારાંશમાં કહીએ તો, આ પુસ્તક મુખ્યત્વે શ્રીમતી સોનિયા ગાંધીના જીવનનું અંગત વિવરણ છે, જેમાં પ્રેમ, ખોટ અને સાંસ્કૃતિક અનુકૂલનની બહુ-દાયકાની સફરની પૃષ્ઠભૂમિમાં રાજકારણ રજૂ થયું છે. પુસ્તકના સૂર, શૈલી અને ભાષાની પસંદગીએ તેમને મીડિયા તેમજ રાજકીય વર્તુળોમાં કેટલાક ટીકાકારો તરફથી પણ પ્રશંસા અપાવી છે. ભારતીય સંદર્ભમાં રાજકારણીઓ આત્મકથાઓ લખીને પોતાના અનુભવો, રાજકીય લડાઈઓ અને અંગત વિચારોનું દસ્તાવેજીકરણ કરે તે દુર્લભ છે. રાજકારણમાં મહિલાઓની વાત આવે ત્યારે આ અંતર વધુ સ્પષ્ટ બને છે. ભારતીય રાજકારણ પર અમીટ છાપ છોડનાર સૌથી શક્તિશાળી મહિલા નેતાઓમાંનાં એક શ્રીમતી ઈન્દિરા ગાંધીએ ક્યારેય આત્મકથા લખી ન હતી. અન્ય શક્તિશાળી મહિલા નેતા સુશ્રી જે. જયલલિતાએ પણ પોતાની

રાજધાનીના અંતરંગ

અનિલ આનંદ

ભારતીય રાજકારણ પર અમીટ છાપ છોડનાર સૌથી શક્તિશાળી મહિલા રાજકીય નેતાઓમાંના એક શ્રીમતી ઈન્દિરા ગાંધીએ ક્યારેય આત્મકથા લખી ન હતી

અસાધારણ રાજકીય સફરનું વિસ્તૃત અંગત વિવરણ પાછળ છોડ્યું નથી. શ્રીમતી સોનિયા ગાંધી, જેઓ સ્થિતિસ્થાપકતા, હિંમત અને દૃઢ નિશ્ચયનું પ્રતીક રહ્યાં છે, તેમણે પોતાના જીવનના વિવિધ પાસાઓ રજૂ કરવાની દુર્લભ હિંમત બતાવી છે. આ એ હકીકત છતાં છે કે તેઓ અંગત અને પારિવારિક જીવન પ્રત્યે અત્યંત રક્ષણાત્મક રહ્યાં છે અને રાજકીય તોફાનોનો સામનો કરીને પણ નૌકાને સ્થિરતાથી હંકારવા માટે જાણીતાં છે.

આ પુસ્તકમાં તેમના અંગત દુઃખની હૃદયસ્પર્શી ઝલક પણ છે. તેમણે જન્મ પછી તરત જ મૃત્યુ પામેલા પોતાના પ્રથમ સંતાનને ગુમાવવા વિશે અને ૧૯૮૪માં અમૃતસરના સુવર્ણ મંદિરમાં શીખ અલગતાવાદીઓ વિરુદ્ધ થયેલા સૈન્ય અભિયાન 'ઓપરેશન બ્લુ સ્ટાર' પછી ઘરના એક રૂમમાંથી ગ્રેનેડ મળી આવવાની કંપારી છૂટાવી દે તેવી ઘટના વિશે લખ્યું છે. મહત્વપૂર્ણ બાબત એ છે કે શ્રીમતી ગાંધીનું આ વિવરણ આજના ભારતીય રાજકારણમાં રાજકીય ધ્રુવીકરણ કેટલું ઊંડું ઉતરી ગયું છે તેની ઝલક આપે છે. એક ચોંકાવનારા ફકરામાં તેઓ લખે છે કે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દેશનું નેતૃત્વ કર્યું છે તે ૧૨ વર્ષમાં તેમનો મોદી સાથે "વ્યવહારિક રીતે કોઈ વાસ્તવિક સંપર્ક" રહ્યો નથી. જ્યારે બંને એક જ રૂમમાં હોય, જેમ કે સ્પીકરની નાની ચેમ્બરમાં, ત્યારે મોદી "આંખ મિલાવવાનું ટાળીને બીજી તરફ જોવાનું વલણ રાખે છે", તેમ તેઓ કહે છે. ક્યારેક હોસ્પિટલમાં દાખલ થયા બાદ તેમણે ટૂંકમાં તેમના સ્વાસ્થ્ય વિશે પૂછપરછ કરી છે. તેમના મતે, આ સંબંધો ભૂતકાળથી તદ્દન વિપરીત છે, જ્યારે વિરોધી પક્ષોના નેતાઓ "એકબીજા સાથે સૌહાર્દપૂર્ણ વ્યવહાર કરતા હતા". ૨૦૦૧માં સંસદ પર થયેલા આતંકવાદી હુમલા બાદ શ્રીમતી ગાંધીએ તત્કાલીન ભાજપના વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીને ફોન કરીને તેમની સુરક્ષા અંગે પૂછપરછ કરી હતી, જેની વાજપેયીએ પ્રશંસા કરી હતી. પોતાના અનુભવો દ્વારા શ્રીમતી ગાંધી રાજકારણની વધતી જતી સરમુખત્યારશાહી શૈલી તરફ ધ્યાન દોરે છે, જેમાં સત્તામાં રહેલા લોકો વિરોધીઓને "નીચા દેખાડવા અને ત્રાસ આપવા"નો પ્રયાસ કરે છે. વર્ષોથી તેમના પુત્ર શ્રી રાહુલ ગાંધી ભાજપની મજાકનો વિષય બન્યા છે. તેમને 'પપ્પુ' કહેવામાં આવે છે – એક અપમાનજનક શબ્દ, જેનો હેતુ તેમને બિનઅનુભવી અને ભોળા દર્શાવવાનો છે. તેઓ ઉમેરે છે કે વિશ્વના અન્ય ભાગોમાં પણ આવી જ બાબતો બની રહી છે. આ અવલોકન અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા વિરોધીઓ સામે કરવામાં આવતા અંગત અપમાન અને મજાકના સંદર્ભમાં વાંચી શકાય છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

સંબંધ તોડવો નહીં



નિધિ અને તેની બહેન નિશા વચ્ચે એક નાનકડી ગેરસમજથી અંતર ઊભું થયું હતું. એક કુટુંબ પ્રસંગમાં નિશાએ ગુસ્સામાં એવું વાક્ય કહી દીધું, જે નિધિના મનમાં ઊંડે ઊતરી ગયું. નિશાએ પછી ઘણી વાર માફી માંગી, વાત કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ નિધિએ દરેક વખતે જૂની વાત યાદ કરાવી ઝઘડો જ આગળ વધાર્યો. બે બહેનો વચ્ચે એક અદૃશ્ય દીવાલ ચણાઈ ગઈ.

વર્ષો પસાર થયાં. બંને એક જ શહેરમાં રહેતી હોવા છતાં તહેવારોમાં ઔપચારિક સંદેશાઓ સિવાય કોઈ વાત થતી નહોતી.

એક દિવસ નિધિને બાળપણની જૂની પેટી મળી. તેમાં નાની બહેન નિશાએ બનાવેલી વસ્તુઓ, હાથે બનાવેલા ગ્રીટિંગ કાર્ડ,

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

નાનાં રમકડાં અને બંનેના ફોટોગ્રાફ હતા. એક કાર્ડમાં નિશાએ લખ્યું હતું, ''જ્યારે હું મોટી થઈશ, ત્યારે તારા જેવી જ બનીશ. તારી દરેક વાત સાંભળીશ.'' આ બધું જોઇને નિધિની આંખો ભીની થઈ ગઈ. તેના મનમાં છુપાયેલો બહેન પ્રત્યેનો પ્રેમ આંસુ બની વહેવા લાગ્યો.તેને સમજાયું કે સંબંધમાં એક દુઃખદ ક્ષણ સાચી હતી, પરંતુ એ જ આખા સંબંધનું સત્ય નહોતું.

તેણે નિશાને ફોન કર્યો. ઘણો સમય બંને મૌન રહ્યાં.

અંતે નિધિ બોલી, ''તું જે બોલી હતી તેનાથી મને દુઃખ થયું હતું. પરંતુ મેં પણ વર્ષો સુધી એક જ વાત પકડી રાખીને ઝઘડો કર્યો અને તેં માફી માંગી છતાં હું તે વાત ભૂલી નહીં અને ગુસ્સામાં તને દૂર કરી દીધી.''

નિશાએ ધીમેથી ફરીથી કહ્યું, ''મને માફ કરજે. મારી ભૂલ થઈ ગઈ. હું એ દિવસના શબ્દો પાછા લઈ શકતી નથી.''

નિધિએ જવાબ આપ્યો, ''મને પણ માફ કરી દે. મેં પણ માત્ર એ દિવસને યાદ રાખ્યો અને આપણો પ્રેમ ભૂલી ગઈ. પરંતુ હવે એ દિવસ યાદ નહિ કરું,આપણો સંબંધ તે એક દિવસની વાત કરતાં ઘણો મહત્ત્વનો છે તે મને ઘણાં વર્ષે સમજાયું છે.''

બંને મળ્યાં. તેમણે ભૂતકાળની વાત કરી, પોતાના દુઃખને સ્વીકાર્યું. સંબંધને સુધારવાની, ફરી પહેલાં જેવો કરવાની પોતાની જવાબદારી સ્વીકારી.

જીવનમાં ડગલે ને પગલે આવા મનને ભાંગી નાંખતાં અને સંબંધો તોડી નાખતાં સંજોગ બધાના જીવનમાં સર્જાય છે... ત્યારે એક જ રસ્તો છે ભૂલી જવું ,માફ કરવું અને આગળ વધી જવું.સંબંધ અને લાગણી અને પ્રેમને વધુ મહત્ત્વ આપી સબંધ તોડવો નહિ અને એક જ બાબત મનમાં ભરી રાખી જીવનભરનો સંબંધ ગુમાવવો નહિ.

સિયાંગ ડેમ સામે વિરોધ કેમ છે?

ઉત્તરોત્તર રાજ્યોની કોઈ સમસ્યા હોય તો તેની બાકીના ભારતને બહુ ઓછી જાણ થાય છે. મણિપુર ચાર વર્ષથી હિંસાની આગમાં સળગી રહ્યું છે, પણ કોને પડી છે? હવે અરુણાચલ પ્રદેશમાંથી એક મોટા સમાચાર આવી રહ્યા છે. અહીંની મુખ્ય નદી સિયાંગ પર ડેમ બનાવવાના મુદ્દે લોકો વિરોધ કરી રહ્યા છે. આ મુદ્દાનાં બે પાસાં છે. સિયાંગ ડેમ વિવાદ એ અરુણાચલ પ્રદેશની સિયાંગ નદી પર પ્રસ્તાવિત ૧૧,૨૦૦ મેગાવોટની ક્ષમતા ધરાવતા 'સિયાંગ અપર મલ્ટીપર્પઝ પ્રોજેક્ટ'ને લગતો ગંભીર મુદ્દો છે. આ ભારતનો સૌથી મોટો હાઇડ્રોઇલેક્ટ્રિક પ્રોજેક્ટ બનવાની શક્યતા છે, પરંતુ સ્થાનિક આદિવાસી સમુદાયો અને સંગઠનો તેનો સખત વિરોધ કરી રહ્યાં છે.

સરકારના પક્ષની વાત કરીએ તો, સિયાંગ નદી વાસ્તવમાં તિબેટમાંથી વહેતી યારલુંગ ત્સાંગપો નદી છે. ચીન તિબેટમાં આ નદી પર ૬૦,૦૦૦ મેગાવોટનો વિશાળ ડેમ બનાવી રહ્યું છે. જો ચીન અચાનક પાણી છોડે અથવા રોકી લે, તો ભારતમાં પૂર અથવા દુષ્કાળ આવી શકે છે. ભારત આ ડેમ દ્વારા પોતાના વિસ્તારમાં નદીના પાણીના પ્રવાહને નિયંત્રિત કરવા માંગે છે. આ તરફ સ્થાનિક લોકો અને આદિવાસી સમુદાયોનો વિરોધ પણ વાજબી કારણોસર છે. આ ડેમ બંધાવાથી લગભગ ૨૭ ગામડાં સંપૂર્ણપણે ડૂબી જશે અને ૪૦થી ૫૦ ગામો પર ગંભીર અસર પડશે. હજારો આદિવાસી લોકોએ પોતાના પૂર્વજોની જમીન અને ઘરબાર છોડીને વિસ્થાપિત થવું પડશે. સ્થાનિક લોકો માટે સિયાંગ નદી માત્ર પાણીનો સ્ત્રોત નથી, પણ તેમની સંસ્કૃતિ અને ઓળખ સાથે જોડાયેલી છે. ડેમના જળાશયમાં તેમની ફળદ્રુપ જમીન અને જંગલો ડૂબી જશે. વળી, આ વિસ્તાર અતિ ભૂકંપસંવેદનશીલ ક્ષેત્રમાં આવે છે. મોટા ભૂકંપની સ્થિતિમાં ડેમ તૂટવાનું અને નીચાણવાળા વિસ્તારોમાં ભારે તારાજી થવાનું જોખમ છે. મોટા બાંધકામને કારણે ભૂસ્ખલન અને સ્થાનિક નિવસનતંત્રને પણ કાયમી નુકસાન પહોંચી શકે છે.

સમસ્યા એ પણ છે કે સ્થાનિક લોકોની પ્રોજેક્ટના સર્વે માટે યોગ્ય સંમતિ લેવામાં આવી નથી અને તેમની ચિંતાઓ સાંભળવાને બદલે પ્રોજેક્ટ બળજબરીથી આગળ ધપાવવામાં આવી રહ્યો છે. ઓક્ટોબર અને નવેમ્બરમાં વિરોધ પ્રદર્શનો ઉગ્ર બન્યાં હતાં. દિલ્હી અને અરુણાચલમાં વિરોધકર્તાઓ પર થયેલી પોલીસ કાર્યવાહી

રાજ્યોની વણઝાર

કૌશિક મહેતા

સમસ્યા એ પણ છે કે સ્થાનિક લોકોની પ્રોજેક્ટના સર્વે માટે યોગ્ય સંમતિ લેવામાં આવી નથી અને તેમની ચિંતાઓ સાંભળવાને બદલે પ્રોજેક્ટ બળજબરીથી આગળ ધપાવવામાં આવી રહ્યો છે

અને અટકાયત બાદ AFTF જેવાં સંગઠનોએ સમગ્ર રાજ્યમાં આંદોલનની જાહેરાત કરી છે. કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુ અને અન્ય રાજકીય નેતાઓનાં નિવેદનોનો સંદર્ભ આપતાં સંગઠને સવાલ કર્યો હતો કે શું તેઓ દિલ્હી અરુણાચલ પ્રદેશ વેચવા ગયા હતા? વિકાસના નામે લોકોની પૈતૃક જમીન છીનવી લેવાના પ્રયાસો સામે પણ ચિંતા વ્યક્ત કરી હતી. સંગઠને ચેતવણી આપી હતી કે જાહેર ભાવનાઓની સતત ઉપેક્ષા રાજ્યને વધુ અશાંતિ તરફ ધકેલી શકે છે. હજુ સુધી આ મુદ્દે કેન્દ્ર સરકારે કોઈ ગળે ઊતરે એવો ખુલાસો કર્યો નથી કે વિરોધ કરનારાઓ સાથે સંવાદ પણ કર્યો નથી. આ મુદ્દો વકરે એ પહેલાં કોઈ ઉપાય કરવાની જરૂર છે.

પંજાબમાં ભાજપનું લોટસ ઓપરેશન શરૂ

પંજાબમાં આવતા વર્ષે ચૂંટણી થવાની છે અને એ પહેલાં ભાજપનું ઓપરેશન લોટસ શરૂ થઈ ચૂક્યું છે. આપના ત્રણ ધારાસભ્યો ભાજપમાં જોડાઈ ગયા છે. ઉમેદવારોની પહેલી યાદી પછી તરત બનેલી આ ઘટના આપ માટે મોટો ઝટકો છે. અમિત શાહ ભાજપને સત્તા અપાવવા સક્રિય થયા છે. પંજાબમાં આમ આદમી પાર્ટી (AAP)ના ત્રણ ધારાસભ્યો કુંવર વિજય પ્રતાપ સિંહ, ચેતન સિંહ જોડામાજરા અને હરમીત સિંહ પઠાણમાજરાના રાજીનામાં અને ભાજપમાં જોડાવા પાછળ રાજકીય તથા સંગઠનાત્મક કારણો જવાબદાર છે. આગામી ચૂંટણી માટે જાહેર થયેલી ઉમેદવારોની પ્રથમ યાદીમાં ચેતન સિંહ જોડામાજરા (સમાણા) અને હરમીત સિંહ પઠાણમાજરાની (સનૌર) બેઠકો પર ટિકિટની અનિશ્ચિતતા અને અસંતોષને કારણે બંને નેતાઓએ પક્ષ છોડ્યો હોવાનું મનાય છે. નેતાઓએ આક્ષેપ કર્યો કે આપમાં ધારાસભ્યોને પોતાના વિસ્તારના પ્રશ્નો કે વિચારો રજૂ કરવાની સ્વતંત્રતા નહોતી. પક્ષનું કેન્દ્રીય નેતૃત્વ અને સ્થાનિક સરકાર ધારાસભ્યો પર સતત દબાણ બનાવતાં હતાં. કુંવર વિજય પ્રતાપ સિંહ અને અન્ય નેતાઓએ આક્ષેપ કર્યો કે પક્ષ પોતાની સ્થાપનાના મૂળ સિદ્ધાંતો અને 'સ્વરાજ'ની વિચારધારાથી ભટકી ગયો છે. પંજાબમાં ભ્રષ્ટાચાર, ડ્રગ્સની સમસ્યા અને ગેંગસ્ટર કલ્ચર સામે યોગ્ય પગલાં લેવામાં સરકાર નિષ્ફળ રહી હોવાનું તેમણે જણાવ્યું. અરવિંદ કેજરીવાલ પંજાબમાં અતિ સક્રિય છે, એ પણ નારાજગીનું એક કારણ છે. આપમાં આંતરિક અસંતોષ અને એન્ટિ-ઈન્કમ્બન્સી ઉપરાંત ડ્રગ્સની સમસ્યા અને કાયદો-વ્યવસ્થાના આક્ષેપો પક્ષ માટે મોટો સવાલ બની રહ્યા છે. બીજી બાજુ અમિત શાહ મેદાનમાં ઉતરી ગયા છે. ભાજપ પંજાબમાં પોતાના દમ પર કે એનડીએના નેજા હેઠળ મજબૂત વિકલ્પ તરીકે ઊભરવા માંગે છે. ભાજપની વ્યૂહરચના સીધીસાદી છે. આપ અને કોંગ્રેસમાંથી આવતા પ્રભાવશાળી સ્થાનિક નેતાઓને પક્ષમાં સામેલ કરીને ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં પોતાનો આધાર વિસ્તારવો. લોકસભા ચૂંટણીના મતદાનના પેટર્નના આધારે ભાજપ શહેરી અને અમુક ખાસ વિધાનસભા વિસ્તારોમાં મજબૂત પકડ ધરાવે છે.

કોંગ્રેસ લોકસભા ચૂંટણીનાં પરિણામો બાદ પોતાને રાજ્યમાં મુખ્ય વિપક્ષી બળ તરીકે જોઈ રહી છે. પરંપરાગત વોટબેંક પાછી મેળવવા પ્રયાસ કરી રહી છે. પાયલટને અહીં પક્ષે બાગડોર સોંપી છે. તો અકાલી દળ પોતાના પરંપરાગત 'પંથીક' અને ગ્રામીણ વોટબેંકને પુનઃજીવિત કરવા મથામણ કરી રહ્યું છે. જોકે, ભાજપ અને અકાલી દળ વચ્ચે સમજૂતી થાય એવી શક્યતાઓ હજુ મરી પરવારી નથી. એમ થાય તો ભાજપ વધુ મજબૂત બનશે. પરંતુ બેઠકોની વહેંચણી મુદ્દે હજુ સમજૂતી થઈ નથી. એ ન થઈ તો ચૂંટણી આપ, કોંગ્રેસ, ભાજપ અને અકાલી દળ વચ્ચે ચતુષ્કોણીય બનવાની પૂરી સંભાવના છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

લાભપાંચમ : શુભ શરૂઆત અને સમૃદ્ધિનો પર્વ

લાભપાંચમ એટલે લાભ અને સમૃદ્ધિની શુભ શરૂઆતનો પવિત્ર દિવસ. દિવાળીના તહેવાર બાદ આવતી કારતક સુદ પાંચમને લાભપાંચમ તરીકે ઉજવવામાં આવે છે. વેપારીઓ માટે આ દિવસ નવા વર્ષના ધંધા-રોજગારની શરૂઆત કરવાનો શુભ અવસર માનવામાં આવે છે.

આ દિવસે વેપારીઓ પોતાની દુકાનો અને પેઢીઓ ફરીથી ખોલે છે. ચોપડા પૂજન કરવામાં આવે છે અને નવા હિસાબોની શરૂઆત કરવામાં આવે છે. લોકો ભગવાન ગણેશ અને માતા લક્ષ્મીની પૂજા કરીને સુખ, શાંતિ અને સમૃદ્ધિની પ્રાર્થના કરે છે. પરિવારોમાં પણ આ દિવસને શુભ માનવામાં આવે છે. શું લાભપાંચમ માત્ર ધંધામાં નફો મેળવવાનો દિવસ છે? ખરેખર નહીં! આપણે આ દિવસે માત્ર આર્થિક લાભની જ નહીં, પરંતુ જ્ઞાન, સંસ્કાર, સંબંધો અને માનવતાના લાભની પણ કામના કરવી જોઈએ. લાભપાંચમનો સાચો સંદેશ એ છે કે દરેક નવી શરૂઆત પ્રામાણિકતા, મહેનત અને સકારાત્મક વિચારોથી કરવી જોઈએ. સૌના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ આવે એ જ લાભપાંચમની સાચી શુભેચ્છા છે.

સુરત - પ્રણવ ભટ્ટ

વર્લ્ડ ડાયાબિટીસ ડે

ઈન્સ્યુલિનના શોધક સર ફ્રેડરિક બેન્ટિંગનો જન્મ ૧૪ નવેમ્બર, ૧૮૯૧ના રોજ થયો હોવાથી તેમની સ્મૃતિમાં ૧૪ નવેમ્બરને 'વર્લ્ડ ડાયાબિટીસ ડે' તરીકે મનાવવામાં આવે છે. વિશ્વમાં ૮૩ કરોડ લોકોને, ભારતમાં ૧૪ કરોડ લોકોને અને ચીનમાં ૧૮ કરોડ લોકોને ડાયાબિટીસ છે. ડાયાબિટીસમાં લોહીમાં શુગરનું સ્તર ખૂબ ઊંચું રહે છે, કારણ કે પેન્ક્રિયાસ પૂરતું ઈન્સ્યુલિન બનાવતું નથી અથવા શરીર ઈન્સ્યુલિનનો યોગ્ય રીતે ઉપયોગ કરી શકતું નથી. જો ડાયાબિટીસની પૂરતી કાળજી અને સારવાર ન કરવામાં આવે તો લાંબા ગાળે હૃદય, કિડની, મગજ, આંખો તથા ચેતાતંત્રને ગંભીર નુકસાન થાય છે.

મુખ્ય લક્ષણોઃ વારંવાર પેશાબ કરવા જવું પડે, ખૂબ તરસ લાગે, ખૂબ ભૂખ લાગે, ઘા જલ્દી રૂઝાય નહીં, વજનમાં ઘટાડો થવો, પગની પીંડી અને સ્નાયુઓમાં દુખાવો થવો, ન્યુરોપથી.

ડાયાબિટીસના મુખ્ય ત્રણ પ્રકારોઃ(૧) ટાઈપ-૧ ડાયાબિટીસ(૨) ટાઈપ-૨ ડાયાબિટીસ(૩) ગેસ્ટેશનલ ડાયાબિટીસ.

ડાયાબિટીસમાં થતી અસરોઃ(૧) હાર્ટ એટેકઃ ડાયાબિટીસના ૪૦% દર્દીઓને હાર્ટ એટેક આવે છે.(૨) કિડની ફેલ્યોરઃ એ જ રીતે ૪૦% દર્દીઓને કિડની ફેલ્યોર થાય છે.(૩) બ્રેઈન સ્ટ્રોક.(૪) રેટિનોપથી (૫) ડાયાબિટીક ફૂટ. (૬) પેરિફેરલ ન્યુરોપથી.

ડાયાબિટીસમાં શું કાળજી લેવી? (૧) નિયમિત દવા લેવી. (૨) દરરોજ નિયમિત ૩૦થી ૪૦ મિનિટ કસરત કરવી.(૩) ખોરાકમાં ખાંડ અને શર્કરાનું પ્રમાણ બંધ કરવું અથવા ખૂબ ઓછું કરવું.(૪) તળેલો તથા ચરબીયુક્ત ખોરાક બંધ કરવો.

સુરત - ડૉ. કિરીટ ડુમસિયા

મૈત્રીમાં પવિત્રતા

મૈત્રી એટલે નિખાલસતાનો સંબંધ. પ્રત્યેક વ્યક્તિને એક એવી વ્યક્તિની આવશ્યકતા હોય જ્યાં એ નિખાલસતાપૂર્વક સ્વયંની તમામ અંગત વાત શેર કરી શકે. પતિ-પત્નીનો પવિત્ર સંબંધ મૈત્રીસભર હોઈ શકે. તો પણ એક મિત્ર કે સખીની આવશ્યકતા પ્રત્યેક વ્યક્તિના જીવનમાં હોવી જરૂરી. દ્રૌપદી પાંચ પતિઓની પત્ની હોવા છતાં શ્રીકૃષ્ણ એના પરમ સખા હતા અને એ મૈત્રી સંપૂર્ણ પવિત્ર જ લેખાય. આપણા સમાજમાં પુરુષ-પુરુષની મૈત્રી કે સ્ત્રી-સ્ત્રીની મૈત્રી સર્વસ્વીકાર્ય! પણ જો પુરુષ અને સ્ત્રીની મૈત્રી મિત્રતાના ભાવે હોય તો મોટે ભાગે શંકાની દૃષ્ટિએ જ નિહાળવામાં આવે. પ્રત્યેક મૈત્રીની વિજાતિય આકર્ષણ માટે નથી હોતી. એને સમજવા માટે વિશાળ દૃષ્ટિકોણ જરૂરી બની જાય. અમુક સંજોગોમાં એ મૈત્રી પ્રેમ-સંબંધમાં પરિણમે છે. બેમાંથી એકમાત્ર એકપક્ષીય પ્રેમ કરે તો હતાશાની સમસ્યા ઉદ્‌ભવે. લગ્નેતર સંબંધમાં કોઈ એક પાત્રને અન્યાય થાય છે, સાચી-ખોટી દૃષ્ટિ પારખવાની. ઘણી વાર અસંતુષ્ટ લગ્નજીવન લગ્નેતર સંબંધ તરફ દોરી જાય છે. જે છૂટાછેડામાં પરિણમી શકે.

સુરત - નેહા શાહ

GHI રિપોર્ટ: ૧૦૦ મા ક્રમે વિશ્વગુરુ

આયર્લેન્ડની Concern worldwide અને જર્મનીની Welt nunger halte (વેલ્ટ રંગર હિલ્ફે) દ્વારા જાહેર થયેલા ગ્લોબલ હંગર ઈન્ડેક્સ (GHI)-2026 ના અહેવાલમાં ૧૨૨ દેશોમાં ભારત ૧૦૦મા ક્રમે ધકેલાયું છે. વિશ્વગુરુના થાળમાં ખાલી વાટકાએ ભારતમાં ભૂખમરાની પરિસ્થિતિ સર્જી શકે તેવી સ્થિતિ કરી છે. શરમજનક બાબત એ છે કે આર્થિક સંકટ વેઠતા શ્રીલંકા, બાંગ્લાદેશ અને નેપાળ જેવા પાડોશી દેશો પણ આપણા કરતાં આગળ છે. આપણે માત્ર પાકિસ્તાનનો ક્રમ 106 થી આગળ હોવાનો ખોટો સંતોષ માનીએ છીએ. એક તરફ પાંચ ટ્રીલીયન ડોલરની વાતો અને ડિજિટલ ઉત્સવો તો બીજી તરફ કરોડો ભૂખ્યા પેટ કુપોષણની કતારમાં! આ તો ઘરમાં નથી દાણો અને અમ્મા વટ પાડે તેવો ઘાટ છે- વાસ્તવિકતા છુપાવવા માત્ર ગાલે તમાચો મારી ગાલ લાલ રાખવાથી કાગળ પરના વિકાસથી પેટ ભરાવાનું નથી. સાથે કમરતોડ મોંઘવારી સામાન્ય માનવી પર પડયા પર પાટુ મારી રહી છે. પ્રશ્ન એ થાય છે કે શું કાગળના આંકડા ક્યારે ગરીબના ચૂલાની આગ ઠારી શકશે?

સુરત -યુનુસ શેખ

લગ્નપ્રસંગોમાં વધતું આડંબર

લગ્ન એ દરેક વ્યક્તિના જીવનનો યાદગાર અને આનંદમય પ્રસંગ છે. ભારતીય સંસ્કૃતિમાં લગ્નને પવિત્ર બંધન માનવામાં આવે છે. પરંતુ આજના સમયમાં લગ્નપ્રસંગો સાદગી કરતાં દેખાડા અને આડંબરનું માધ્યમ બની રહ્યા છે. લગ્નમાં મોંઘાં મંડપ, ભવ્ય સજાવટ, ડીજે, આતશબાજી, મોંઘાં કપડાં અને વિવિધ વાનગીઓ પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે.ઘણા પરિવારો સમાજમાં પોતાનું ઊંચું સ્થાન બતાવવા માટે પોતાની આર્થિક ક્ષમતા કરતાં પણ વધુ ખર્ચ કરે છે. બીજી તરફ, દેખાદેખીની આ હરિફાઈને કારણે સામાન્ય પરિવારો પર પણ મોટો ખર્ચ કરવાનો સામાજિક દબાણ ઊભો થાય છે. શું લગ્નની સફળતા ભવ્ય આયોજન અને મોંઘા ખર્ચથી જ નક્કી થાય છે? ખરેખર નહીં! લગ્નની સાચી સુંદરતા બે પરિવારોના પ્રેમ, વિશ્વાસ અને સંબંધોમાં રહેલી છે. આપણે લગ્નપ્રસંગોમાં બિનજરૂરી ખર્ચ ટાળીને સાદગી અપનાવવી જોઈએ. બચેલા નાણાંનો ઉપયોગ શિક્ષણ, ગરીબોની મદદ અને સમાજસેવા માટે કરી શકાય છે. યાદ રાખવું જોઈએ કે લગ્ન જીવનની નવી શરૂઆત છે, દેખાડાની હરીફાઈ નહીં. સાદગીભર્યાં લગ્ન જ સમાજ માટે સાચો આદર્શ બની શકે છે.

ભરૂચ - દર્શિકા ચૌધરી

તહેવારની ઉજવણી કે પર્યાવરણની ચિંતા?

દિવાળી એ પ્રકાશ, આનંદ અને ખુશીઓનો તહેવાર છે. લોકો ઘરોમાં દીવડાં પ્રગટાવે છે, રંગોળી બનાવે છે, મીઠાઈઓ વહેંચે છે અને ફટાકડા ફોડીને તહેવારની ઉજવણી કરે છે. પરંતુ દિવાળી પછી હવા અને ધ્વનિ પ્રદૂષણની સમસ્યા ગંભીર બની જાય છે. ફટાકડામાંથી નીકળતો ધુમાડો હવામાં ઝેરી તત્ત્વો ફેલાવે છે. તેના કારણે શ્વાસની તકલીફ, આંખોમાં બળતરા અને હૃદયરોગના દર્દીઓને મુશ્કેલી થઈ શકે છે. ખાસ કરીને બાળકો અને વૃદ્ધોના સ્વાસ્થ્ય પર તેની ખરાબ અસર પડે છે. શું આનંદની ઉજવણી માટે પર્યાવરણને નુકસાન પહોંચાડવું યોગ્ય છે? આ પ્રશ્ન દરેક નાગરિકે વિચારવો જોઈએ. દિવાળીનો સાચો આનંદ દીવડાં, પરિવારનો પ્રેમ અને ખુશીઓ વહેંચવામાં છે. તહેવારોની ઉજવણી એવી હોવી જોઈએ કે આનંદની સાથે પ્રકૃતિનું પણ રક્ષણ થાય. સ્વચ્છ હવા અને સ્વસ્થ જીવન એ જ દિવાળીની સાચી ભેટ છે.

સુરત - સુરેશ માસ્ટર